55

"આંબેડકર જયંતી" નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૫/૦૪/૧૭ના રોજ ડ્રાય ડે મચ્છર નાશકની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્યવિભાગ

## સ્વચ્છ ભારત અભિયાન

## <u>પ્રેસનોટ</u>ડ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાંયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૪/૦૪/૧૭ના રોજ "આંબેડકર જયંતી" નિમિતે તા.૧૫/૦૪/૧૭ ના રોજ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૫/૦૪/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ વી.બી.ડી.સી./આરોગ્યનો સ્ટાફ તેમજ NGOનાં પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટમાંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૨૪૬૭ | ૬૦૯૩૫ | ૨૩૦ | ૧૧૨૬૧ | ૮૨૨ | ૧૪૭૪ | ૧૧૪ | ૫૦૮૫૦ | ૪૯ | ૨૫૦૯૮ | ૯૯૨૨ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરના ઉતપત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

प्रेस नोट

........................

**માહે માર્ચ ૨૦૧૭ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટલમાં માહે માર્ચ ૨૦૧૭ દરમ્યાન ૪૭૭૫ ઈન્ડોર તથા ૫૩૮૯૭ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૪૧૦૯ તથા ૭૮૦ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૨૬૩૩ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૯૦૫ અને જુના ૧૫૨૧ દર્દીઓ સહીત કુલ ૨૪૨૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૨૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૯૨૮ તથા આંખ વિભાગમાં ૩૪૪૨ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૭૭૨૮ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી ઈલેકશન વોર્ડ વાઈઝધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કરવા બાબત

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મા.આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રીએ તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી સફાઈ ઝુંબેશ હાથ ધરવા સુચના આપેલ હતી. જે અનુસારમા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્યઅધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનનાં નાયબ આરોગ્યઅધિકારીશ્રીઓએ તેમના ઝોનમાં આવેલ ઈલેકશન વોર્ડ વાઈઝવોર્ડનાં મુખ્યઆરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષક તથા સફાઈ કામદારોની સંયુકત ટીમો બનાવી તેમની સીધી દેખરેખ હેઠળતા.૧૬/૦૪/૧૭ના રોજ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી દરેક ઝોનમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| ઝોન | ઈલેકશન વોર્ડ નંબર | સફાઈ ઝુંબેશ | ઝુંબેશમાં રોકેલ સ્ટાફ | | નોટીશ | ઈસમ | વહીવટી ચાર્જ | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સુપ. | કામદાર | | | | | |
| અઠવા | ૧૯,૨૦,૨૧,૨૨ | ૪ | ૮ | ૩૬ | ૬ | ૬ | ૧૦૦૦ | ૨.૪૦૦ | ૨૪૫ |
| સેન્ટ્રલ | ૧૧,૧૨,૧૯,૨૦ | ૪ | ૨૧ | ૬૦ | ૨૪ | ૧૩ | ૫૧૦૦ | ૦.૭૫૦ | ૪૫૪ |
| વરાછા | ૩,૪,૫,૧૩,૧૪,૧૫,૧૬ | ૭ | ૧૧ | ૧૬ | ૫ | ૪ | ૧૪૦૦ | ૪.૨૦૦ | ૪૫૦ |
| લિંબાયત | ૧૭,૧૮,૨૪,૨૫,૨૬ | ૫ | ૧૭ | ૬૧ | ૧૭ | ૧૪ | ૨૮૦૦ | ૪.૯૫૦ | ૩૩૪ |
| ઉધના | ૨૩,૨૭,૨૮,૨૯ | ૪ | ૫ | ૩૩ | ૧૩ | ૨ | ૭૦૦ | ૧.૯૦૦ | ૩૭૫ |
| કતારગામ | ૨,૬,૭,૮ | ૪ | ૪ | ૨૮ | ૫ | ૨ | ૫૦૦ | ૦.૮૦૦ | ૧૧૦ |
| રાંદેર | ૧,૯,૧૦ | ૩ | ૧૪ | ૧૦૨ | ૨ | ૧૧ | ૨૮૦૦ | ૪.૪૦૦ | ૬૦૦ |
| **કુલ** | | **૩૧** | **૮૦** | **૩૩૬** | **૭૨** | **૫૨** | **૧૪૩૦૦** | **૧૯.૪** | **૨૫૬૮** |

ઉપરોકત કામગીરી દરમ્યાન૨૯ **ઈલેકશન વોર્ડવાઈઝ૩૧ સ્થળોએ** ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કર્યા બાદ સદર રહેણાંક વિસ્તારોમાં તેઓના ઘરમાંથી નીકળતો ભીનો/સુકો કચરો એકત્રીત કરવા માટે અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટેની આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવામાં આવી હતી. તેમજ આ ઝુંબેશ દરમ્યાનન્યુસન્સકર્તા **૭૨ઈસમોને નોટીસ** પાઠવવામાં આવેલ અને **૫૨ ઈસમો** પાસે**૧૪,૩૦૦ વહીવટીચાર્જ** વસુલ કરવામાં આવેલ છે.

તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધીદિન–૭નીઈલેકશન વોર્ડ વાઈઝઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ કરવા બાબત

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મા.ચેરમેનશ્રીઆરોગ્ય સમિતિએ તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી તમામ ઝોનમાં ઈલેકશન વોર્ડ વાર સફાઈ ઝુંબેશ હાથ ધરવા સુચના આપેલ હતી. જે અનુસારમા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) અને આરોગ્યઅધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનનાં નાયબ આરોગ્યઅધિકારીશ્રીઓએ તેમના ઝોનમાં આવેલ ઈલેકશન વોર્ડ વાઈઝવોર્ડનાં મુખ્યઆરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષક તથા સફાઈ કામદારોની સંયુકત ટીમો દ્વારા તેઓનીસીધી દેખરેખ હેઠળઉપરોકત તા.૧૦/૦૪/૧૭ થી તા.૧૬/૦૪/૧૭ સુધી દિન–૭ તમામ ઈલેકશન વોર્ડ વાઈઝ નીચે જણાવેલ પ્રર્ફોમ મુજબ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશની કામગીરી તેમજ તેને લાગત આનુષાંગિક કામગીરી કરવામાં આવી હતી.

| ઝોન | ઈલેકશન વોર્ડ નંબર | સફાઈ ઝુંબેશ | ઝુંબેશમાં રોકેલ સ્ટાફ | | નોટીશ | ઈસમ | વહીવટી ચાર્જ | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સુપ. | કામદાર | | | | | |
| અઠવા | ૧૯,૨૦,૨૧,૨૨ | ૨૮ | ૭૦ | ૩૬૫ | ૬૮ | ૬૫ | ૧૫૮૦૦ | ૨૧.૫ | ૧૯૭૫ |
| સેન્ટ્રલ | ૧૧,૧૨,૧૯,૨૦ | ૨૮ | ૧૫૫ | ૬૧૭ | ૧૦૪ | ૮૮ | ૨૫૨૦૦ | ૪.૭૮૬ | ૩૦૧૫ |
| વરાછા | ૩,૪,૫,૧૩,૧૪,૧૫,૧૬ | ૪૯ | ૮૯ | ૭૫૪ | ૧૦૫ | ૧૧૯ | ૨૧૮૦૦ | ૨૬.૫ | ૬૦૨૫ |
| લિંબાયત | ૧૭,૧૮,૨૪,૨૫,૨૬ | ૩૫ | ૧૧૮ | ૪૦૫ | ૧૨૧ | ૧૦૩ | ૧૮૪૦૦ | ૨૪.૬૯ | ૧૮૬૧ |
| ઉધના | ૨૩,૨૭,૨૮,૨૯ | ૨૮ | ૪૮ | ૩૪૦ | ૬૯ | ૭૫ | ૧૫૪૦૦ | ૨૦.૬૫ | ૨૦૭૬ |
| કતારગામ | ૨,૬,૭,૮ | ૨૮ | ૫૦ | ૨૬૫ | ૬૦ | ૬૦ | ૧૧૧૦૦ | ૧૧.૭ | ૧૬૬૪ |
| રાંદેર | ૧,૯,૧૦ | ૨૧ | ૯૩ | ૭૩૯ | ૬૫ | ૧૦૨ | ૨૩૮૦૦ | ૪૧.૭૮ | ૪૦૨૫ |
| **કુલ** | | **૨૧૭** | **૬૨૩** | **૩૪૮૫** | **૫૯૨** | **૬૧૨** | **૧૩૧૫૦૦** | **૧૫૧.૬** | **૨૦૬૪૧** |

ઉપરોકત કામગીરી દરમ્યાન**૨૯ ઈલેકશન વોર્ડવાઈઝદિન–૭માં ૨૧૭ સ્થળોએ** ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ કામગીરીની સાથો સાથ તે સ્થળોએ આવેલ રહેણાંક વિસ્તારોમાં વસવાટકર્તાઓના ઘરોમાંથી નીકળતો ભીનો/સુકો કચરો એકત્રીત કરવા માટે અલગ–અલગ ડસ્ટબીન રાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવામાં આવી હતી. તેમજ આ ઝુંબેશ દરમ્યાનન્યુસન્સકર્તા **૫૯૨ઈસમોને નોટીસ** પાઠવી**૬૧૨ ઈસમો પાસેરૂા.૧,૩૧,૫૦૦(અંકે એક લાખ એકત્રીસ હજાર પાંચસો) વહીવટીચાર્જ** વસુલ કરવાની કામગીરી કરવામાં આવેલ હતી.

# **<u>પ્રેસનોટ</u>**

**<u>વિષય</u>** : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૧૩ થી ૧૭–૦૪–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૨૮૫ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૧૧૪૬ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાધ પદાર્થોનું ૧૦૫૭ સ્થળે ચેકીંગ કર્યુ, જે પૈકી ૩૬૫ સંસ્થાઓને નોટીસ આપી તથા ૩૩સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાધ પદાર્થ વેચતી સંસ્થાઓ ૨૯૫ ચેકી કરી જે પૈકી ૯૨ સંસ્થાઓને નોટીસ આપીતથા ૧૦સંસ્થાઓને બંધ કરાવેલ હતી.દુધની ડેરી– ૧૭૯ ચેકી કરી જે પૈકી ૪૩ સંસ્થાઓને નોટીસ આપી.બરફની ફેકટરી કુલ ૨૮ સંસ્થા ચેક કરી તે પૈકી ૪ સંસ્થાઓને નોટીસ આપીતથા ૩સંસ્થાઓને બંધ કરાવેલ હતી.બરફનું વેચાણ કરનાર સંસ્થા ૧૦૭ ચેક કરી જે પૈકી ૩૧સંસ્થાઓને નોટીસ આપીતથા ૧૧ સંસ્થાઓને બંધ કરાવેલ હતી.

# <u>પ્રેસનોટ</u>

## પૂર્વ ઝોન (વરાછા)

## સુરત મહાનગરપાલિકા

મે.ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિ.) દ્વારા મળેલ આદેશાનુસાર ઉનાળાની ઋતુને ધ્યાને લઈ આરોગ્યલક્ષી ખાણી–પીણીની સંસ્થા તથા હોટલ/રેસ્ટોરન્ટ ચકાસણી ઝુંબેશ કરવામાં આવેલ. જે અન્વયે તા.૧૮/૦૪/૨૦૧૭ ના રોજ આરોગ્ય વિભાગ પૂર્વઝોન(વરાછા) દ્વારા કરંજ વિસ્તારમાં આવેલ ગોસાઈ સર્કલ પાસેની સંસ્થાઓને અગાઉ વારંવાર સૂચના આપવા છતા ગંદકી કરતા તેમજ વગર પરવાને ચાલતી કલકતા પાન સેન્ટર દુકાન તથા ચિરાગ ફાસ્ટફુડમાં ચકાસણી કરતા પાનની દુકાન સામે રોડ પર પુષ્કળ પ્રમાણમાં પાન–માવાના કાગળો/ કચરો વિગેરે ગંદકી જોવા મળેલ તેમજ તેની બાજુમાં આવેલ ફાસ્ટફુડમાં દુકાનની અંદર ખૂબજ ગંદકી તેમજ વાસી ખોરાક, સડેલા શાકભાજીનો જથ્થો વિગેરે જોવા મળેલ. તેમજ ૨૫ કિ.ગ્રા. અખાધ ખોરાકનો નાશ કરવામાં આવેલ છે.

સદર બંન્ને સંસ્થા વિરુધ્ધ વગર પરવાને ધંધો કરવા તેમજ આરોગ્યલક્ષી બેદરકારી બદલ નોટીસ આપી તેમજ પરવાનો લઈ ધંધો કરે તે શરતે સદર સંસ્થાઓને તાકીદના ધોરણે બંધ કરવામાં આવેલ છે.

તદઉપરાંત કાપોદ્રા વિસ્તારમા આવેલ સ્પીનીંગ મીલ ખાડીથી કાપોદ્રા પોલિસ સ્ટેશન રોડ પર રાખવામાં આવેલ સમૂહ સફાઈ અભિયાનમાં વરાછા ઝોન વિસ્તારના આરોગ્ય વિભાગના ૩૧ સફાઈ કામદાર અને બેલદાર દ્વારા સફાઈની કામગીરી કરેલ છે, તેમાં કુલઃ–૦૫ સુપરવાઈઝર હાજર રહેલ. સદર કામગીરી દરમ્યાન બાંધકામનું મટીરીયલ્સ તેમજ ડ્રેબીઝના ૨.૫ મેટ્રીક ટન જેટલા માટી મિશ્રિત કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. તેમજ ઉપરોકત જણાવ્યા વિસ્તારમાં સફાઈ કરાવી ૨૦૦ કિ.ગ્રા. જંતુનાશક દવાનો છંટકાવની કામગીરી કરાવેલ છે. સમગ્ર અભિયાન દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા કુલઃ–૧૪ સંસ્થા ચેક કરી ૧૨ ઈસમોને નોટીસ આપી **રૂા.૫૦૦૦/**–(અંકે રૂપિયા પાચ હજાર પૂરા) વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

**"વર્લ્ડ હેરીટેજ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૭/૦૪/૧૭ના રોજ ઐતિહાસિક/ધાર્મિક સ્થળોએ સફાઈ ઝુંબેશ બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૧૬/૦૪/૧૭ થી તા.૩૦/૦૪/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૧૮/૦૪/૧૭નાં રોજ **"વર્લ્ડ હેરીટેજ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૭/૦૪/૧૭ સુરત શહેરમાં આવેલ ઔતિહાસિક/ધાર્મીક સ્થળોની આસપાસ લોકોનો સહકાર મેળવી સંલગ્ન વિસ્તારોની સફાઈ ઝુંબેશ અને સુત્રો દ્વારા પ્રચાર અને પ્રસારની કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૭/૦૪/૧૭નાં ઔતિહાસિક/ધાર્મિક સ્થળોએ મંદિર/મસ્જિદનાં ટ્રસ્ટીઓ, ધર્મગુરૂઓ, મૌલાના, ભકતજનો તેમજ શિષ્ય, અનુયાયીઓ તેમજ આરોગ્ય વિભાગની સંયુકત ટીમો બનાવી મંદિર/મસ્જિદ/ઔતિહાસિક સ્થળોની ઈમારતો પાસે એકત્રિત થઈ સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપી સ્વચ્છતાનાં શપથ લેવડાવવાની કામગીરી કર્યા બાદ નજીકમાં આવેલ મંદિર/મસ્જિદ તેમજ ઔતિહાસિક સ્થળોને પાણીથી સ્વચ્છ કરાવી આજુબાજુ ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવેલ હતી.

| ધાર્મિક/ઔતિહાસિક સ્થળ | શપથ તથા સફાઈ કામગીરીમાં ભાગ લેનાર | | | |
|---|---|---|---|---|
| | ધાર્મિક ગુરૂઓ/ટ્રસ્ટીઓ | કર્મચારી | મહાનુભવો | શિષ્યો/નગરજનો |
| ૮૪ | ૧૦૫ | ૪૯ | ૨૭ | ૧૬૫ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

"વર્લ્ડ હેરીટેજ ડે" નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૬/૦૪/૧૭થી ૩૦/૦૪/૧૭ દરમ્યાન ઐતિહાસિક સ્થળો અને ઈમારતોની સફાઈ ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને-૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવુતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૧૬/૦૪/૧૭ થી તા.૩૦/૦૪/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૧૮/૦૪/૧૭નાં રોજ "વર્લ્ડ હેરીટેજ ડે" નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૮/૦૪/૧૭ સુરત શહેરમાં આવેલ ઐતિહાસિક/ધાર્મીક સ્થળોનાં ધર્મગુરૂઓ અને વડાઓને સાથે રાખી સફાઈ ઝુંબેશ કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૮/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઐતિહાસિક સ્થળનાં કાર્યકરતા, મંદિર/મસ્જિદનાં ટ્રસ્ટીઓ,ધર્મગુરૂઓ,મૌલાના,શિષ્ય/નગરજનો તેમજ આરોગ્ય વિભાગની સંયુકત ટીમો બનાવી આ ટીમો ધ્વારા મંદિર/મસ્જિદ/ઐતિહાસિક સ્થળ/ઈમારતો પાણીથી સ્વચ્છ કરાવ્યા બાદ સદર સ્થળોની આજુબાજુ ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવી કચરો/કચરામિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવી જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| ધાર્મિક/ઐતિહાસિક ઈમારતની સફાઈ | સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ધાર્મિક ગુરૂઓ | ભકતજનો/નાગરીકો | સુપરવાઈઝર | કામદારો | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
| ૮૭ | ૭૬ | ૧૫૫ | ૨૧ | ૧૦૭ | ૦.૯૫૦ | ૪૩૦ |

વધુમાં આ ટીમો ધ્વારા સદર મંદિર/મસ્જિદ/ઐતિહાસિક સ્થળ/ઈમારતોની આજુબાજુ રહેતા નાગરીકોને સ્વચ્છતા રાખવા તેમજ કચરાનું-વર્ગીકરણ કરી ભીનો/સુકો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ આપવવામાં આવેલ હતું

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0062
તા.૧૯/૦૪/૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત "સમર કેમ્પ"

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫ મે થી ૫ જુન ૨૦૧૬ દરમ્યાન આયોજીત સમર કેમ્પ**

સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા શહેરના બાળકો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા તા.૧૫/૦૫/૨૦૧૭ થી તા.૦૫/૦૬/૨૦૧૭ દરમ્યાન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત તથા તા.૧૦ થી ૩૧ મે ૨૦૧૭ દરમ્યાન એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતે અલગ અલગ વયગૃપ માટે "સમર કેમ્પ"માં વિવિધ કોર્ષ માટેનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | વિષય | વયગૃપ | પ્રવેશફોર્મ મેળવવા અને પરત કરવાનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | બાળ નાટ્ય શિબિર | ૭ થી ૧૪ વર્ષના બાળકો માટે | સાંસ્કૃતિક વિભાગ, ચં. ચી. મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોક બજાર, સુરત |
| ૨ | નાટ્ય શિબિર | ૧૫ વર્ષથી ઉપરના વયગૃપ માટે | |
| ૩ | સેમી કલાસીકલ ડાન્સ / ફોક ડાન્સ | ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે | |
| ૪ | વેસ્ટર્ન ડાન્સ | ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે | |
| ૫ | કથ્થક નૃત્ય | ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે | |
| ૬ | શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પ | ૧૪ વર્ષથી ઉપરના વયગૃપ માટે | એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત |

આ સમર કેમ્પની વિવિધ કોર્ષમાં શહેરના નાટ્ય જગત અને કલા ક્ષેત્રના તજજ્ઞો પોતાના અનુભવનો લાભ આપી શહેરની ઉભરતી પ્રતિભાઓને ખીલવવા માર્ગદર્શન પુરુ પાડશે. સમરકેમ્પના વિવિધ કોર્ષના શિબિરમાં શિબીરાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે નિર્ધારીત ફી લઈને પ્રવેશ આપવામાં આવશે. સમર કેમ્પમાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં. ચી. મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોક બજાર, સુરત તથા એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતેથી તેમજ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી મળી શકશે. ભરેલા પ્રવેશફોર્મ, પ્રવેશ ફી, ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી, પાસપોર્ટ સાઈઝ ફોટા સહિત તા.૦૫/૦૫/૨૦૧૭ સુધી પરત કરવાના રહેશે.

# <u>પ્રેસનોટ</u>

## વેસ્ટઝોનમાં વરિયાવ રોડ પર મહાવીર સંસ્કાર ધામ સંસ્થા સ્થળે લગ્ન પ્રસંગ દરમ્યાન જાહેર રસ્તા પર ન્યુસન્સ કરાતા કેટરર્સ સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરી રૂા.૧૧,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાયો.

**વેસ્ટ ઝોન(રાંદેર)વિસ્તારમાં આજ તા. ૧૯/૦૪/૧૭ ના રોજ સવારે જહાંગીરપુરાથી વરિયાવ જતા રોડ પર નાયબ આરોગ્ય અધિકારીશ્રી તથા મુખ્ય આરોગ્ય નિરીક્ષકના રાઉન્ડ દરમ્યાન કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ગેઈટ સામે આવેલ મહાવીર સંસ્કાર ધામ સ્થળે લગ્ન પ્રસંગ પૂર્ણ થયા બાદ કેટરર્સ ધ્વારા કીચન વેસ્ટ/ ડીસ્પોઝેબલ વેસ્ટ જાહેર રસ્તા પર નાંખી/ નંખાવી ન્યુસન્સ કરેલ માલૂમ પડતા સદર સંસ્થાના કેટરર્સ સામે સખત કાર્યવાહી કરી રૂા.૧૧,૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ.**

**"વર્લ્ડ હેરીટેજ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૬/૦૪/૧૭થી ૩૦/૦૪/૧૭ દરમ્યાન ઐતિહાસિક સ્થળો અને ઈમારતોની સફાઈ ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૧૬/૦૪/૧૭ થી તા.૩૦/૦૪/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૧૯/૦૪/૧૭નાં રોજ **"વર્લ્ડ હેરીટેજ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૯/૦૪/૧૭ સુરત શહેરમાં આવેલ ઐતિહાસિક તેમજ ધાર્મિક સ્થળોએ સ્વચ્છતાનાં બેનરો,પોસ્ટરો,પ્લેઝડ,બીલબોર્ડ અને પેમ્પલેટસ સાથે રાખી સફાઈ ઝુંબેશની કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૯/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઔતિહાસિક સ્થળનાં કાર્યકર્તા, મંદિર/મસ્જિદનાં ટ્રસ્ટીઓ,ધર્મગુરૂઓ,મૌલાના,શિષ્ય/નગરજનો તેમજ આરોગ્ય વિભાગની સંયુકત ટીમો બનાવી આ ટીમો ધ્વારા મંદિર/મસ્જિદ/ઔતિહાસિક સ્થળોએ સ્વચ્છતા રાખવા/પર્યાવરણ/પાણી બચાવવા માટેના બેનરો,પોસ્ટરો લગાવી જાહેર જનતામાં જનજાગૃતિ લાવવા માટેનું અભિયાન હાથધરી સદર સ્થળોની આજુબાજુ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી તથા નગરજનોમાં વધુ જનજાગૃતિ લાવવા માટે ઘરે–ઘરે સ્વચ્છતા રાખવા તેમજ ડોર ટુ ડોર થી નીકળતો ભીનો/સુકો કચરો અલગ અલગ કલરનાં ડસ્ટબીન રાખવા માટેનાં પેમ્પલેટસની વહેંચણી સાથો સાથ તે અંગેનું આરોગ્યલક્ષી શિક્ષણ તેમજ સમજ આપી સ્વચ્છતા રાખવા નગરજનોને વાકેફ કરવામાં આવેલ હતા.

| સફાઈ ઝુંબેશમાં આવરી લેવામાં આવેલ ધાર્મિક/ ઔતિહાસિક સ્થળો | સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ઘર–ઘર પેમ્પલેટની વહેંચણી | ભકતજનો/નાગરીકો/ ધર્મગુરૂઓ | સુપરવાઈઝર | કામદારો | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
| ૭૬ | ૨૫૦૦ | ૧૧૪ | ૯૫ | ૧૭૭ | ૧.૫૨૦ | ૪૩૬ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# –:: પ્રેસનોટ ::–

તા.૨૦–૦૪–૨૦૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમામ તમાકુ પ્રોડકટસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂા.માં |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૨૩ | ૧૬ | ૧૨ | ૩૨૦૦ |
| વરાછા | ૧૦૦ | ૬૮ | ૧૯૦ | ૧૩૬૦૦ |
| રાંદેર | ૧૩ | ૧૩ | ૧૮૧ | ૨૬૦૦ |
| કતારગામ | ૧૨ | ૯ | ૫૫ | ૧૮૦૦ |
| ઉધના | ૨૦ | ૧૮ | ૩૫૫ | ૩૬૦૦ |
| લિંબાયત | ૩૩ | ૨૧ | ૨૮૭ | ૪૨૦૦ |
| અઠવા | ૬૨ | ૨૧ | ૧૨૧ | ૪૨૦૦ |
| કુલ | ૨૬૩ | ૧૬૬ | ૧૨૦૧ | ૩૩૨૦૦ |

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં તા.૨૦/૦૪/૧૭ ના રોજ સાંજે ૭–૦૦ થી રાત્રીના ૧૦–૦૦ દરમ્યાન સ્ટેશન વિસ્તારમાં આરોગ્ય વિભાગ ધ્વારા આરોગ્યલક્ષી કામગીરી બાબતે સ્કવોર્ડ ધ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવેલ તેમજ તા.૨૧/૦૪/૧૭ ને શુક્રવાર ના રોજ ક્ષેત્રપાળ મંદિર થી નવસારી બજાર ભરવાડ ફળીયા સર્કલ થઈ ડી.કે.એમ. હોસ્પિટલ થઈ ભાગળ ચારરસ્તા થઈ કાંસકીવાડ ડેપો થઈ સૈયદપુરા પંપીંગ સ્ટેશન સુધી આરોગ્ય અને એન્જીનીયરીંગ વિભાગની સંકલિત ગૃપસફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે કામગીરીની વિગત નીચે મુજબ છે.

તા.૨૦/૦૪/૧૭ ના રોજ સ્ટેશન વિસ્તારમાં આરોગ્યલક્ષી કામગીરી બાબતે સ્કવોર્ડ ધ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જે સ્કવોર્ડમાં ૧૦ સુપરવાઈઝરી સ્ટાફ સાથે રહી હોટલો સહિત ખાણીપીણીની ૧૧૦ જેટલી સંસ્થાઓને ચેક કરી ૭૩ ઈસમ પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૬૭,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીક ૩૨ કિ.ગ્રા. જપ્ત કરેલ છે તેમજ હોટલ/રેસ્ટોરન્ટ તથા ખાણીપીણીની સંસ્થાઓમાંથી ૧૬૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરેલ છે.

તેમજ તા.૨૧/૦૪/૧૭ ના રોજ સફાઈ ઝુંબેશ દરમ્યાન આરોગ્ય વિભાગ ધ્વારા ૧.૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૭૮ નોટીસ આપવામાં આવેલ. આ ઉપરાંત ૦૨ ટ્રાફીક સર્કલ તથા ૦૧ પ્રતિમાની સફાઈ કરાવવામાં આવેલ છે. સ્થળ તપાસ દરમ્યાન મળેલ ૦૪ ડ્રેનેજ ઓવરફલોની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત વિસ્તાર તથા કન્ટેનર સ્પોટની આજુબાજુ ૯૦૦ કિ.ગ્રા. જેટલો જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.

વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૯૩૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોનો સર્વે દરમ્યાન ૦૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. તેમજ મચ્છરજન્ય રોગોની ઉત્પત્તિસ્થાન નાશ સ્થળોની તપાસના ભાગરૂપે ૬૩ જગ્યાએ ઓવરહેડ તેમજ અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓનું ચેકીંગ કરવામાં આવેલ છે. ૦૩ ઈસમને નોટીસ આપવામાં આવી તથા રૂા.૩૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરેલ છે તથા ૦૬ જેટલા ટાયર, ૦૩ કેરબા, ડબ્બા ૦૨ તથા અન્ય સામાન–૧૨ મળી કુલ–૧૭ જેટલો સામાન જપ્ત કરેલ છે.

**"વર્લ્ડ હેરીટેજ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૬/૦૪/૧૭થી ૩૦/૦૪/૧૭ દરમ્યાન ઐતિહાસિક સ્થળો અને ઈમારતોની સફાઈ ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૧૬/૦૪/૧૭ થી તા.૩૦/૦૪/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૧૮/૦૪/૧૭નાં રોજ **"વર્લ્ડ હેરીટેજ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૨૦/૦૪/૧૭ સુરત શહેરમાં આવેલ ઐતિહાસિક તેમજ ધાર્મિક સ્થળોએ સેનેટરી સુવિધાઓનું ઈન્સ્પેકશન શૌચાલયો/બાથરૂમની કન્ડીશન, પાણી/ડ્રેનેજની સુવિધાઓનું વ્યવસ્થા ચેકિંગ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૦/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઝોનમાં આવેલ ઔતિહાસિક તેમજ ધાર્મિક સ્થળોએ નગરજનો માટે સેનેટરી સુવિધાઓ ઉપલબ્ધ છે કે કેમ અને હોય તો કેવી હાલતમાં છે તેની ચકાસણી તથા પાણી/ડ્રેનેજની વ્યવસ્થા કરવામાં આવેલ છે તે અંગેનું ચેકીંગ કરવા તેઓ ધ્વારા બનાવેલ મંદિર/મસ્જિદનાં ટ્રસ્ટીઓ, ધર્મગુરૂ, નગરજનો તથા આરોગ્ય વિભાગની સંયુકત ટીમો મારફતે હાથ ધરવામાં આવેલ હતી. આ ટીમો ધ્વારા જે સ્થળોએ ક્ષતિઓ હોય તેવા મંદિર/મસ્જિદ/ચર્ચનાં વહીવટકર્તાઓને રીપેરીંગ બાબતે નોટીસ પાઠવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. સદર સ્થળોએ આવેલ સેનેટરી બ્લોકો, એસીડ, ફિનાઈલમાં પાણી વડે સ્વચ્છ કરાવી આજુબાજુ ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ કામગીરી કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| ચેક કરેલ ધાર્મિક/ ઔતિહાસિક સ્થળો | સેનેટરી સુવિધાઓની વ્યવસ્થા ચેકીંગમાં ભાગ લેનાર | | | તપાસ દરમ્યાન સ્થળો પર ડ્રેનેજ/શૌચાલયમાં મળી આવેલ ખામી બાબતે નોટીસ | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| | ભકતજનો/નાગરીકો/ ધર્મગુરૂઓ | સુપરવાઈઝર | કામદારો | | | |
| ૭૦ | ૨૧૦ | ૧૪ | ૫૬ | ૧૨ | ૦.૭૦૦ | ૩૦૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમ** |

**<u>વિષયઃ</u> <u>માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ એકવેરિયમના તા.૧૪/૦૪/૨૦૧૭ થી તા.૨૦/૦૪/૨૦૧૭ સુધીની કરેલ કામગીરી અને આવકની માહિતી</u>**

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૧૪/૦૪/૨૦૧૭ થી તા.૨૦/૦૪/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન (કતારગામ), ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૩૪,૧૪૦/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૬,૧૩૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૮૬.૦૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૨૩.૬૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૮૦ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૧,૦૦,૪૭૫/– ની વસુલાત કરવામાં આવેલ છે અનેપશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખળતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ –૧૯૫૧ ની કલમ – ૯૦ (એ)(૧) મુજબ –૦૪ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ .

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૯,૦૦૫ અને ૭,૮૪૭ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૨,૪૪,૫૮૦/– અને રૂા.૨,૭૮,૧૩૦/– રકમ મળી કુલ રકમ રૂા.૫,૨૨,૭૧૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૨૧/૦૪/ ૨૦૧૭

**પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી બાબત.**

ટી.પી. સ્કીમ નં.૨૪(મોટા વરાછા–ઉત્રાણ),ફા.પ્લોટ નં.૪૪/બી માં આવેલ વૃંદાવન સોસાયટીના સબ પ્લોટ નં.૪૦ માં મંજુર પ્લાન વિરૂધ્ધ રહેણાંકનો હેતુફેર કરી દુકાન બનાવવાના ઈરાદે ફીટ કરેલ શટર નંગ–૨ દુર કરવામાં આવ્યા તેમજ પ્રથમ માળે આશરે ૭૦૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં બાંધકામ કરવાના ઈરાદે કરેલ સેન્ટરીંગ/શટરીંગ તથા સળિયા દુર કરવામાં આવ્યુ.

ઉકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા સીકયુરીટી સ્ટાફ સહિત પાર પાડવામાં આવેલ.

૭૧

# સુરત મહાનગર પાલિકા
# વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
# અખબારી યાદી

# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૨૨/૦૪/૧૭** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં ટુકીશેરી, ભંડારીવાડ, હોડીબંગલા, ભરવાડ ફળીયુ,નવલખી ખાડી, હાર મહોલ્લો,ડાંગીશેરી ૧ ૨ ૩ દિલ્હીગેટથી સહારા દરવાજા જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં એસ.એમ.સી.કવાર્ટસ,સિલ્વર પાર્ક,ભગવાન ફળિયુ,લસણ ફળિયુ,પટેલ ફળિયુ મસ્જીદ મોહલ્લો,ગુ.હા.બોર્ડ પાલનપુર પાટીયા,સંતતુકારામ વિભાગ–૨,રાધિકાનગર,મધર ટેરેસા રોડ,વરિયાવ તારવાડી જેવા વિસ્તારમાં, ઉધના ઝોનમાં સંજયનગર,ઉધના,પુનિતનગર,પાંડેસરા,પ્રિયંકાસીટી ગોલ્ડ,ભેસ્તાન,અમૃતનગર,આશિષનગર, બમરોલી,રેશ્માનગર,–૧ અને ૨,ગુરૂકૃપાનગર,વડોદ જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં મીઠીખાડી, ઈસ્લામી ચોક, ફુલવાડી,રણછોડનગર, હળપતિવા, જલારામનગર,મહાદેવનગર–૧,૨, લક્ષ્મીનારાયણનગર–૨,ચંદ્રલોક સોસાયટી, ગંગાસાગર સોસાયટી,બજરંગનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં ઉમરાગામ શંભુજી મહોલ્લો શીવાલીક પનાસગામ, હેગડેવારનગર, બાંગ્લાદેશ, નાયકા વાડ, અંબાનગર,ભીમરાડ હળપતિવાસ,કોળીવાડ, ધનાસાથ જેવા વિસ્તારોમાં

કતારગામ ઝોનમાં રહેમતનગર,ઈ.ડબ્લ્યુ.એસ. કવાર્ટસ, ચીકુવાડી,રેલરાહત કોલોની,મધુવન સો., અમરોલી,એચ–૪ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં ધોબીખાડી,દલિત વસાહત,નરસિંહ મંદિર,ભરવાડ વાસ, આનંદનગર, પૂર્વી સો.,શ્રી રામનગર સો.,દિનદયાળનગર ઝું.,બહુચરનગર,ગોકુલધામ,ચામુંડાનગર કૃષ્ણનગર,મુકિતધામ, ચામુંડાનગર,ગજાનંદ સો–૨,યોગીનગર જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નો ટિ સ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **34159** | **74502** | **219** | **10626** | **826** | **2200** | **91** | **77500** | **90** | **26704** | **9213** |

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦